# પ્રમુખશ્રીનું નિવેદન



સૌરીનભાઈ પરીખ

આત્મીય જ્ઞાતિજનોને જયશ્રીકૃષ્ણ.

શ્રી કડી દશા દિશાવાળ વણિક ઉત્કર્ષમંડળમાં સેવા આપવા માટે વિશ્વાસપૂર્વક કાર્યભાર સોંપવા બદલ આપ સૌનો હૃદયપૂર્વક આભાર. મનુસ્મૃતિમાં કહ્યું છે કે કોઈ આપણા પર વિશ્વાસ મૂકે, ત્યારે વિશ્વાસ નિભાવનારની જવાબદારી પ્રભુ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા જેટલી જ મહત્ત્વની બની જાય છે. નૂતન અભિગમ સાથે આપણી જ્ઞાતિને સફળતાની ક્ષિતિજો તરફ દોરવાના અશ્વમેઘનો આરંભ કર્યો છે, ત્યારે આપ સૌનું માર્ગદર્શન, દિશાસૂચન અને આશીર્વાદ મારા માટે ખૂબ જ મહત્ત્વના બની રહેશે.

મંડળના આદ્યસ્થાપક, 'દિશાવાળ રત્ન' સ્વ. રસિકલાલ શાહને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ ... પ્રમુખ તરીકેના દીર્ઘ કાર્યકાળ દરમિયાન સમાજને એકસૂત્રે બાંધી, કાર્યદક્ષ વહીવટ સંભાળનાર આદરણીય શ્રી અશ્વિનભાઈ પરીખનો હું આભારી છું. સાથે સાથે, પૂર્વ વ્યવસ્થાપક મંડળમાં વિવિધ હોદ્દાઓ પર રહી જ્ઞાતિના વિકાસની કેડી કંડારનાર સર્વ શ્રી મહેન્દ્રભાઈ શાહ, શ્રી પંકજભાઈ શાહ, શ્રી પંકજભાઈ પરીખ અને શ્રી જયંતીભાઈ શાહ તથા તમામ સહયોગીઓ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરું છું. શ્રદ્ધેય વડીલો સ્વૈચ્છિક નિવૃત્તિ બાદ હવે જ્ઞાતિની વિવિધ સલાહકાર સમિતિમાં રહી આપણને માર્ગદર્શન પૂરું પાડશે.

કોઈ પણ સુકાની માટે પોતાના સમૂહ કે સમાજનો સાથ-સહકાર અતિ આવશ્યક છે. નિર્ધારીત અભિયાનની સફળતા તેના થકી જ નિશ્ચિત બને છે. વર્ષોના વ્યાવસાયિક, સામાજિક અને જાહેરજીવન દરમિયાન કંઈક નવું કરવાની વિચારધારા અપનાવવાનું મારું વલણ રહ્યું છે અને પરમાત્માના આશીર્વાદથી આ પ્રયાસમાં નિષ્ઠાવાન અને નિષ્ણાત લોકોનો સાથ મળતો રહ્યો છે. સેવા, સહકાર અને સંગઠનનો જીવનમંત્ર કોઈપણ અભિયાન માટેની પાયાની શરત છે.

અધૂરા કામોને જવાબદારીપૂર્વક પૂરા કરવા એ એક સન્માનનીય વારસાગત ફરજનો ભાગ છે. પરંતુ સફળતાનાં નવાં પરિમાણોને સિદ્ધ કરવા, સ્પષ્ટ વિચારધારા સાથે સૌને સાથે લઈને લક્ષ્યાંકો પાર કરવા, એ સાચા સુકાનીની પરિભાષા છે. આ દિશામાં નમ્ર પ્રયાસરૂપે, સેવા અને સહકાર થકી આપણા સંગઠનને મજબૂત બનાવવા માટે અનેક વિશેષ પ્રવૃત્તિઓનું આયોજન નિર્ધારીત કર્યું છે. આપણાં જ્ઞાતિબંધુઓની સહાય માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, જેની સંક્ષિપ્ત માહિતી આ મુજબ છે.

**સુવર્ણ સ્વાસ્થ્ય યોજના :** રજીસ્ટ્રેશન ફોર્મના આધારે જ્ઞાતિબંધુને ફાળવવામાં આવેલ ઓળખ-પત્ર (આઈ કાર્ડ) ના આધારે ૨૮ % ના માતબર ડીસ્કાઉન્ટથી જ્ઞાતિની દરેક વ્યક્તિને જરુરી દવાઓની ફ્રી હોમ ડિલિવરી મળશે. (દવાના ખર્ચના ૫ % જ્ઞાતિ તરફથી જોડવામાં આવશે.) અમદાવાદ બહાર વસતા સભ્યોએ કુરિયર ખર્ચ આપવાનો રહેશે. SVVP ના સભ્યને, વધારાનું SVVPનું ૪ % ડિસ્કાઉન્ટ પણ મળશે. વેલનેસ પ્રોડક્ટ્સ, સર્જીકલ વસ્તુઓ અને હેલ્થ ચેક-અપ ઉપર આપણા સભ્યોને ડીસ્કાઉન્ટ મળે, તે માટે પણ વ્યવસ્થા નિર્ધારીત કરી છે.

**મેડીક્લેઈમ ઈન્સ્યોરન્સ સહાય યોજના :** આ યોજના હેઠળ જરૂરિયાતમંદ પરીવારને એક લાખની રકમનો ફ્લોટીંગ મેડીક્લેઈમ ઈન્સ્યોરન્સ યોગ્યતાના ધોરણે આપવામાં આવશે.

**શૈક્ષણિક સહાય :** સમાજનાં વિદ્યાર્થીઓ માટે નોટબુક્સનું નિઃશુલ્ક વિતરણ કરવાની સાથે સાથે આર્થિક રીતે જરૂરિયાતમંદ વ્યક્તિને નિર્ધારીત માપદંડના આધારે શૈક્ષણિક આર્થિક સહાય આપવામાં આવશે.

**વિધવા અને નિરાધાર સહાય :** વિધવા તથા નિરાધાર વ્યક્તિને નિર્ધારીત માપદંડના આધારે અનાજની

સહાય કરવામાં આવશે.

**માહિતી :** મધ્યમ વર્ગને સહાયરૂપ બનવા રાજ્ય સરકાર તરફથી વિધવા સહાય, મા અમૃતમ્ જેવી અનેક યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. સમાજના સભ્યો તેનો લાભ લઈ શકે તે હેતુથી આવી યોજનાઓ અંગે જરુરી માહિતી આપવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલી વિવિધ શૈક્ષણિક યોજનાઓ વિષે માહિતી વેબસાઈટ પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**સ્નેહ સંમેલન અને સાંસ્કૃતિક કાર્યક્રમ :** અમદાવાદના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં સંગઠનનું માળખું વધુ મજબૂત થાય તે માટે બન્ને વિસ્તારોમાં કાર્યક્રમોનું આયોજન કરવા નિર્ધારિલ છે. વર્ષમાં કુલ બે કાર્યક્રમ પૈકી એક આંબાવાડી ખાતે ઉજાણી અને અન્ય ટાગોર હોલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવા વિચારેલ છે. બંને કાર્યક્રમમાં જ્ઞાતિબંધુઓ દ્વારા પણ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. સમાજની લેડીઝ વિંગની રચના કરી, મહિલા જાગૃતિ અને તેમના સંગઠનને મજબૂત બનાવવા પિકનીક, ગરબા, હાઉસી અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

**સંગઠનલક્ષી કાર્યક્રમો :**

● સંપર્ક-સેતુ ડીરેક્ટરી : જ્ઞાતિબંધુઓના નામ, સરનામા, ટેલિફોન નંબર અને ઈ-મેઈલ આઈડી સાથેની ડીરેક્ટરી (બિઝનેસ ડીરેક્ટરી સાથે) બનાવવામાં આવી છે.

● સોશિયલ મીડીયા : સોશિયલ મીડીયા નેટવર્કનો મહત્તમ ઉપયોગ કરી, જ્ઞાતિના ઍપ, વ્હોટ્સઍપ ગ્રુપ તથા ઈ-મેઈલ દ્વારા દરેકની સંપૂર્ણ માહિતી મળી શકે તેવું આયોજન છે.

● બુલેટીન : વર્ષમાં બે બુલેટીન (સ્નેહ-સેતુ) બહાર પાડવાની યોજના અમલી બનાવેલ છે.

● શુભેચ્છા : દરેકના જન્મદિવસે શુભેચ્છા પાઠવવા આયોજન કરેલ છે.

● વેબસાઈટ : જ્ઞાતિની વેબસાઈટ પર વૈવિધ્યપૂર્ણ માહિતી આવરી લેવામાં આવી છે. કડીનો ઈતિહાસ, દિશાવાળ જ્ઞાતિની ઉત્પત્તિ, ગોપાલલાલજી હવેલી, વ્યવસ્થાપક મંડળ અને હોદ્દેદારો, પ્રવૃત્તિઓ, લગ્નવિષયક જાહેરાત, દાતાશ્રીઓની યાદી, વગેરે અઢળક માહિતી માત્ર એક ક્લિક પર આપને મળી શકે છે.

મિત્રો, આ તમામ આયોજનને સફળતાપૂર્વક અમલી બનાવવાની દિશામાં નિષ્ઠાપૂર્વક આગળ વધી, આપણા સમાજને એવા મુકામ પર લઈ જવો છે જ્યાં 'સર્વે જનાઃ સુખીનઃ સન્તુ' ની ભાવના યથાર્થ થતી લાગે.

સૌની સાથે રહી, મજબૂત સંગઠન થકી આ સ્વપ્નોને સાકાર કરવા સમાજના આર્થિક ભંડોળને વધારવું ખૂબ જ જરૂરી છે. એક સુખદ આશ્ચર્ય એ રહ્યું કે આ વિષે જ્ઞાતિજનો સાથે સામાન્ય વાતચીત થતા જ દાનનો અવિરત પ્રવાહ શરૂ થઈ ગયો. આ અંકમાં આપેલ દાતાઓની સૂચિ વાંચીને જ આપને પ્રતીત થશે કે આટલા ટૂંકા સમયગાળામાં દેશ અને વિદેશમાંથી દાતાઓનો ખૂબ જ સારો અને ઝડપી પ્રતિભાવ મળ્યો છે. આ દિશામાં હજી વ્યાપ વધારી રૂપિયા ૧.૫ કરોડ એકત્રિત કરવાનું આપણું લક્ષ્યાંક છે. 'ટીપે ટીપે સરોવર ભરાય' કહેવતને યથાર્થ બનાવવા આપ સૌને નમ્ર અપીલ છે કે જ્ઞાતિનાં સેવાકાર્યોને વધુ ને વધુ વિસ્તારવા માટે યથાશક્તિ યોગદાન આપશો. સહાય યોજનાઓ જેટલી વધુ અમલી બનશે, તેટલો જ આપણો સમાજ સંપન્ન બનશે.

સત્કાર્યની શરૂઆત સ્વયંથી જ કરવાની ભાવનાથી મારા પિતાશ્રી જગદીશભાઈ પરીખ અને ભાઈ શ્રી મીતેશભાઈની અંતઃકરણપૂર્વકની સંમતિ સાથે, મારા ન્યોછાવરરૂપે જ્ઞાતિભંડોળમાં રૂા. ૧૧,૦૦,૦૦૦/- અને સ્નેહ-સેતુ, સંપર્ક-સેતુ અને જગદ્ગુરુશ્રી વલ્લભાચાર્યજીના કાર્યક્રમ દરેક માટે રૂા. ૫૧,૦૦૦/- ના યોગદાન સાથે આ અભિયાનનો આરંભ કર્યો.

આ જ પ્રવાહને આગળ વધારવામાં પ્રોત્સાહન આપનાર અમેરિકા સ્થિત શ્રી ભૂપેશભાઈ પરીખનો મેડીકલ સહાય યોજના માટે અને શ્રી શીતલભાઈ શાહનો શૈક્ષણિક સહાય યોજના માટે હું હૃદયપૂર્વક

## પ્રમુખશ્રીનું નિવેદન...

આભાર માનુ છું. જ્ઞાતિના ઉત્કર્ષ માટે સક્રિય યોગદાન આપવા અંગે મારા ફોનના પ્રત્યુત્તરમાં, કોઈ જ વધારાની પૃચ્છા કર્યા વગર, બીજા ફોન પર પણ વાતને મુલત્વી ન રાખતા, બંને મહાનુભાવોએ ત્વરિત પ્રતિભાવરૂપે રૂા. ૧૧,૦૦,૦૦૦/- ન્યોછાવર માટે સંમતિ આપી દીધી. મુંબઈ સ્થિત શ્રી વિનોદભાઈ વોરા પરિવારનો હું અંતઃકરણપૂર્વક ઋણ સ્વીકાર કરું છું, જેમણે સ્વ. રામલક્ષ્મીબેન શાંતિલાલ વોરા મેડીક્લેઈમ ઈન્સ્યોરન્સ સહાય યોજના હેઠળ પાંચ વર્ષ સુધી દર વર્ષે મેડીક્લેઈમ પ્રિમિયમ પેટે રૂા. ૨,૦૦,૦૦૦/- આપવાની સંમતિ આપી જરૂરિયાતમંદ લોકો માટે આશાનું કિરણ પૂરુ પાડ્યું છે. આ સિવાય, શિક્ષણ, મેડીકલ, સંપર્ક-સેતુ, સ્નેહ-સેતુ અને જગદ્‌ગુરુ વલ્લભાચાર્ય કાર્યક્રમ માટે દાન આપનાર તમામ દાતાઓનો હું આભારી છું.

મિત્રો, જગદ્‌ગુરુ વલ્લભાચાર્ય કાર્યક્રમનું આયોજન ખૂબ જ મહેનત માગી લે તેવું હતું. આપણા કો-ઓર્ડીનેટર ભાઈઓ અને અન્ય સહયોગીઓએ પરસ્પર સંકલન સાધી, કાર્યક્રમના પાસ માટેની નોંધણી, સ્પોન્સરર્સનો સંપર્ક અને જ્ઞાતિજનો સુધી કાર્યક્રમની વિગતપૂર્ણ માહિતી પહોંચાડવામાં ભગીરથ પ્રયાસ કર્યા તે માટે તમામનો ખૂબ ખૂબ આભાર. તમામ કો-ઓર્ડીનેટર્સ માટે મારે બે શબ્દ ખાસ કહેવા છે. રામસેતુ બનાવવા માટે ભગવાન રામની સેનાએ કેવી રીતે કામ કર્યું, તેની તો જાણ નથી. પરંતુ 'સંપર્ક-સેતુ' તૈયાર કરવા માટે આપણી આ ટીમે જે ખંત, ઉત્સાહ અને સમર્પણથી કામ કર્યું છે, તેનો હું સાક્ષી છું. સભ્યપદ ઝુંબેશથી માંડીને વિદેશનાં જ્ઞાતિજનો સાથે સતત સંપર્કમાં રહી, આપણા સમાજના બંને સેતુ ' સંપર્ક-સેતુ' અને 'સ્નેહ-સેતુ' આપના સુધી પહોંચાડી, તમામ કો-ઓર્ડીનેટર્સે સેતુરૂપ ભૂમિકા ભજવી છે, તે માટે હું તેમનો ઋણી છું. આ બંને સંપુટ, ડીરેક્ટરી અને બુલેટીનને આકર્ષક રીતે સજાવી, ખૂબ મહેનતથી તેને વાચકભોગ્ય બનાવનાર ભાઈ શ્રી કાર્તિક વોરાનો સ્નેહપૂર્વક આભાર. શ્રી ભરતભાઈ આર. શાહ જેમણે મુંબઈ હોવા છતાં સતત સંપર્કમાં રહી, ખૂબ જ સક્રિય સહકાર આપ્યો તે બદલ હું તેમનો આભારી છું. જ્ઞાતિની માહિતિસભર વેબસાઈટ તૈયાર કરવા માટે ભાઈ આશિષ મોદી અને કાર્તિક વોરાનો વિશેષ આભાર. 'સ્નેહ-સેતુ' ના સંપાદનની કામગીરી સંભાળનાર નીનાબેન શાહ તથા જ્ઞાતિના કાર્યાલય ખાતે વહીવટી કામકાજ કુશળતાપૂર્વક નિભાવનાર શ્રીમતી શિલ્પાબેન શાહ તથા શ્રી રાજેશભાઈ કોઠારીનો આભાર. ઔપચારિકતાની સીમાઓથી બહાર રહીને કરેલા આ આભારદર્શનને હૃદયપૂર્વક સ્વીકારશો, તેવી પ્રાર્થના.

જ્ઞાતિબંધુઓને મારી આગ્રહભરી વિનંતી છે કે આપ સૌ સામાજિક સમરસતાને બળવત્તર બનાવવા માટે સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર (SVVP) તથા શ્રી અમદાવાદ દિશાવાળ સમાજમાં પણ આપનું સભ્યપદ જરૂર નોંધાવશો. જ્ઞાતિમાં, સમાજમાં પરિવર્તન લાવવું જ છે, એવા મક્કમ નિર્ધાર સાથે જ્યારે પ્રયાસો આદર્યા છે ત્યારે આપ સૌને મારી નમ્ર વિનંતી છે કે સૌ સાથે મળીને ઉજાસમય ક્ષિતિજોને આંબવાનો પુરુષાર્થ કરીએ. આત્મનિરીક્ષણનો સમય છે, ત્યારે માત્ર સંસ્થા, ઉદ્યોગો કે ટેકનોલોજીએ જ બદલાવાનું નથી. વ્યક્તિએ, એટલે કે આપણે સૌએ પણ બદલાવું પડશે. વિચારધારાને સ્પષ્ટ કરવી પડશે અને વિકલ્પોના વમળમાં અટવાવાને બદલે શ્રેષ્ઠની પસંદગી સાથે આગળ વધવું પડશે. ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે તર્કની હદ જ્યાં પૂરી થાય છે, ત્યાં શ્રદ્ધાનો દીપ ઝળહળી ઊઠે છે અને શ્રદ્ધા એટલે કે વિશ્વાસ, એ સંગઠનની સૌથી મોટી તાકાત છે.

આત્મીય જ્ઞાતિબંધુઓ, ચાલો, આપણે સૌ સાથે મળીને શ્રી કડી દશા દિશાવાળ વણિક ઉત્કર્ષમંડળની ધરોહરને મજબૂત બનાવી, એક નવા ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરીએ.

**સર્વે જનાઃ સુખી નઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયા,**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિત્ દુખમાપ્નુયાત્...**

સૌના કલ્યાણમય અને સુખમય ભવિષ્યની પ્રભુને પ્રાર્થના સાથે આભાર સહ !

**- સૌરીન પરીખના જયશ્રી કૃષ્ણ.**